# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-10-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : THURSDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.**

***************************************************

1) એશિયન ગેમ્સના ખેલાડીઓ સાથેના સંવાદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આવનારા વર્ષોમાં નવા ખેલાડીઓને ખેલો ઇન્ડિયાના માધ્યમથી આગળ વધવાની તક મળશે.

2) રાજ્યના એસ. ટી. નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો મંજૂર કરાયો.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે રાજ્યના પ્રવાસે – અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

4) ગાંધીનગરના છત્રાલ GIDCમાં રસાયણ કંપનીમાં વિસ્ફોટ થતા ચાર શ્રમિકના મોત.

5) ગાંધીનગરમાં આયોજિત રાષ્ટ્રીય કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં STC કોલ્લમે સુવર્ણ ચંદ્રક જીત્યો.

---------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM MODI ON COMMONWEATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આવનારા વર્ષોમાં હજારો નવા ખેલાડીઓને ખેલો ઇન્ડિયા અને ઇમર્જિંગ ખેલો ઇન્ડિયાના માધ્યમથી આગળ વધવાની તક મળશે. તેમણે કહ્યું, વર્ષ 2030માં ભારત રાષ્ટ્રમંડળ રમતની યજમાની કરશે. તાજેતરમાં એશિયન ગેમ્સ 2026માં ભાગ લેનારા ભારતીય ખેલાડીઓ સાથે નવી દિલ્હીમાં સંવાદ દરમિયાન શ્રી મોદીએ કહ્યું, એશિયન ગેમ્સમાં 15થી 17 વર્ષના યુવા ખેલાડીઓએ ભવ્ય પ્રદર્શન કરીને દેશનું ગૌરવ વધાર્યું છે. તેમણે તમામ ખેલાડીઓની પ્રશંસા પણ કરી.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)**

*(आने वाले वर्षों में हजारों नए खिलाड़ियों को खेलो इंडिया और इमर्जिंग खेलो इंडिया के माध्यम से आगे बढ़ने के लिए अवसर मिलेंगे। हमें आने वाली खेल प्रतियोगिताओं की तैयारी को और मजबूत करना है। 2028 में लॉस एंजिल्स ओलंपिक्स है। 2030 में भारत कॉमनवेल्थ गेम की मेजबानी करेगा और 2036 में ओलंपिक्स की मेजबानी करना भी भारत की आकांक्षा है।)*

# ST NIGAM MONGHVARI BHATTHU

રાજ્યના એસ. ટી. નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો મંજૂર કરાયો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા સંદેશમાં એસ. ટી. નિગમના લાખો કર્મચારીઓ માટે કરાયેલા આ નિર્ણયને આવકાર્યો. તેમણે કહ્યું, આ વધારા સાથે હવેથી કર્મચારીઓને 60 ટકાના દરે મોંઘવારી ભથ્થું અપાશે. ઉપરાંત, કર્મચારીઓને વધારાના મોંઘવારી ભથ્થાના એરિયર્સની પણ ચુકવણી કરાશે.

# UM AMIT SHAH STATE VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે રાજ્યના પ્રવાસે આવશે. સત્તાવાર યાદી મુજબ, તેઓ સૌપ્રથમ સવારે અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં પ્રેરણાતીર્થ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય નરરત્ન સૂરિશ્વરજી મહારાજ સાહેબનાં દર્શન કરશે. ત્યારબાદ બપોરે શ્રી શાહ પાલડીમાં શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય ઉદયપ્રભ સૂરિશ્વરજી મહારાજ સાહેબનાં દર્શન કરશે. સાંજે તેઓ ગાંધીનગરમાં રૂપાલમાં શક્તિપીઠ શ્રી વરદાયિની માતાજી મંદિર પરિસરમાં પૂજા-અર્ચના કરશે. તેમજ ભગવાન શિવજીની 81 ફૂટ ઉંચી પ્રતિમાનું ખાતમુહૂર્ત કરશે.

ત્યારબાદ શ્રી શાહ માણસામાં બહુચર માતા મંદિરમાં માતાજીની આરતીમાં સહભાગી થશે. રાત્રે તેઓ કોલવડામાં શ્રી રામજી મંદિરમાં નવરાત્રિ યુવક મંડળ દ્વારા આયોજિત રાસગરબા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

# GPCB GRAB WASTE MANAGEMENT

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ – GPCB દ્વારા રાજ્યમાં વિવિધ ધાર્મિક પદયાત્રાઓ દરમિયાન ઉત્પન્ન થયેલા અંદાજે 906 મેટ્રિક ટન કચરાને એકઠો કરી તેનું વૈજ્ઞાનિક ઢબે વ્યવસ્થાપન કરાયું.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, સ્વચ્છ પર્યાવરણ યાત્રા પહેલ અતંર્ગત GPCBએ અત્યાર સુધીમાં રાજ્યની મુખ્ય પદયાત્રાઓ દરમિયાન એક કરોડ 43 લાખથી વધુ શ્રદ્ધાળુઓ સુધી જાગૃતિનો સંદેશ પંહોચાડ્યો અને અંદાજે 906 મેટ્રિક ટન કચરાનું વૈજ્ઞાનિક ઢબે વ્યવસ્થાપન કર્યું.

# CHHATRAL GIDC TRAGEDY

ગાંધીનગરમાં છત્રાલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – GIDCમાં એક રસાયણ કંપનીમાં વિસ્ફોટ થતા ચાર શ્રમિકના મોત થયાના અહેવાલ છે. કલોલ તાલુકાના પોલીસ ઇન્સ્પેક્ટર જે. જે. ગઢવીએ કહ્યું, રસાયણ પ્લાન્ટમાં યાંત્રિક ખામી સર્જાવાથી આ અકસ્માત થયો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. ચોક્કસ કારણ ફૉરેન્સિક સાયન્સ લેબોરેટરી - FSLના અહેવાલ બાદ સ્પષ્ટ થશે.

આ અંગેની જાણ થતાં જ સ્થાનિક પ્રાંત અધિકારી, મામલતદાર અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી - FSLની ટીમે ઘટનાસ્થળે પહોંચી અકસ્માતના કારણ જાણવા તપાસ હાથ ધરી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMP ANNOUNCEMENT

હવે પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત સાંભળીએ..

(VOICE CAST: IMP ANNOUNCEMENT)

# NAVRATRI PANCHMO DIVAS

નવરાત્રિ મહાપર્વના પાંચમા નોરતે આજે માઁ દુર્ગાનાં પાંચમા સ્વરૂપ માઁ સ્કંદમાતાની પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. ધાર્મિક માન્યતાઓ મુજબ, માઁ સ્કંદમાતાની આરાધના કરવાથી ભક્તોને સુખ-સમૃદ્ધિ, શાંતિ અને સંતાન સુખની પ્રાપ્તિ થાય છે. પૌરાણિક માન્યતાઓ મુજબ, ભગવાન શિવજી અને માતા પાર્વતીનાં પુત્ર કાર્તિકેયને સ્કંદ નામથી ઓળખવામાં આવે છે. તેમને દેવતાઓને સેનાપતિ માનવામાં આવે છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે સુરેન્દ્રનગરના યાત્રાધામ ચોટીલામાં ચામુંડા માઁ-ના મંદિરમાં દર્શન કરી ધજા પણ અર્પણ કરી. તેમણે ચોટીલાધામ ડુંગર પર પોલીસ પરિવારના ગરબામાં હાજરી આપી. દરમિયાન નવરાત્રિના પાંચમા દિવસે પણ શક્તિપીઠ અંબાજી મંદિરમાં ભક્તોનું અવિરત્ ઘોડાપુર જોવા મળ્યું. બીજા નોરતાથી આઠમ સુધી દરરોજ સવારે મંદિરમાં બે મંગળા આરતી થાય છે. નવલા નોરતાના કારણે મંદિરને રંગબેરંગી ફૂલોથી શણગારવામાં આવ્યું છે.

**(VOICE CAST : SAVAJI CHAUDHARY)**

*(આસો નવરાત્રીના પાંચમા નોરતે શક્તિપીઠ અંબાજી ધામમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજીના દર્શન કરવા અંબાજી મંદિરે ઉમટી પડ્યા છે. સવારની મંગળા આરતીમાં પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. નવરાત્રીના બીજા નોરતાથી લઈ આઠમ સુધી દરરોજ સવારે અંબાજી મંદિરમાં બે મંગળા આરતી કરવામાં આવે છે, જેમાં એક આરતી ગર્ભગૃહમાં જ્યારે બીજી આરતી ઘટ સ્થાપના પાસે કરવામાં આવે છે. બીજી તરફ અંબાજી મંદિરને રંગબેરંગી ફૂલોથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યો છે. નવરાત્રીના સતત પાંચમા દિવસે પણ મંદિરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. દર્શન માટે શક્તિદ્વાર સુધી ભક્તોની લાંબી કતારો પણ લાગે છે અને સમગ્ર અંબાજી ધામ ભક્તિમય માહોલમાં રંગાયું છે. સબજી ચૌધરી, આકાશવાણી સમાચાર, બનાસકાંઠા)*

# PAVAGADH ROPEWAY

યાત્રાધામ પાવાગઢમાં માલસામાનની હેરાફેરી માટે બનાવાયેલા ઉડનખટોલાનો તાર તૂટી પડતા ટ્રોલીને નુકસાન થયાના અહેવાલ છે. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. ઉડનખટોલાનું સંચાલન કરતી કંપનીના નિષ્ણાતો દ્વારા તેનું સમારકામ કરાયું. દર્શનાર્થીઓને કોઈ પણ અફવા પર વિશ્વાસ ન કરવા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. આ અંગે પાવાગઢ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી વિનોદ વરિયાએ વધુ માહિતી આપી.

**(BYTE: VINOD VARIYA, TRUSTEE, PAVAGADH MANDIR TRUST)**

*(એ કેબલ ક્રેન હતી જે મટીરીયલ લઈ જવા માટે યુઝ થાય છે, મંદિરમાં જે ડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું છે, પ્લસ ઉષા બ્રેકોનો જે પેસેન્જર રોપવે મંદિર સુધી બનવાનો છે એના માટે જે ઉપયોગમાં લેવામાં આવી રહી છે, એ કેબલ ક્રેનના અંદર એ દુર્ઘટના ઘટી હતી. મંદિર પણ ખુલ્લું છે, રાબેતા મુજબ પેસેન્જર રોપવે પણ ચાલી રહ્યો છે.)*

# INTER SAI KABADDI COMPETITION

ગાંધીનગરમાં આયોજિત 17-મી અખિલ ભારતીય આંતર-SAI કબડ્ડી સ્પર્ધામાં મહિલા વર્ગનાં પૂલ બી-માં રમતગમત તાલીમ કેન્દ્ર – STC કોલ્લમે સુવર્ણ ચંદ્રક જીત્યો. જ્યારે STC કોકરાઝારે રજત અને STC મયિલાદુ-થુરાઈએ કાંસ્ય ચંદ્રક જીત્યો. તમામ ટીમે અસરકારક રેડિંગ, મજબૂત સંરક્ષણ, વ્યૂહાત્મક સમજ અને ઉત્કૃષ્ટ રમત ભાવનાનું પ્રદર્શન કર્યું.

આ સ્પર્ધા યુવા ખેલાડીઓને રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા દર્શાવવા, મહત્વપૂર્ણ મેચનો અનુભવ મેળવવા અને ઉચ્ચસ્તરની સ્પર્ધાઓ માટે તૈયારી મજબૂત બનાવવાની તક પૂરી પાડે છે. ભારતીય રમતગમત પ્રાધિકરણ દ્વારા તમામ ચંદ્રક વિજેતા ખેલાડીઓ, પ્રશિક્ષક અને સહાયક કર્મચારીઓને તેમની સિદ્ધિઓ અને યોગદાન બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા.

# GIR CERTIFICATE VITARAN

ગીર સોમનાથમાં પ્રાકૃતિક ખેતી કરતા 50 ખેડૂતોને પ્રમાણપત્ર અપાયા. તાલાળાના કેરી ઉત્કૃષ્ટતા કેન્દ્ર ખાતે યોજાયેલા સમારોહમાં ખેડૂતોને ગુજરાત પ્રાકૃતિક ઉત્પાદન સંસ્થા – GOPCA દ્વારા મંજૂર કરાયેલા પ્રાકૃતિક કૃષિ પ્રમાણપત્ર એનાયત કરાયા. આ અંગે આત્મા પ્રોજેક્ટના ડિરેક્ટર પુષ્પકાંત સ્વર્ણકારે કહ્યું, ખેડૂતોને આ પ્રમાણપત્ર મળવાથી પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત ખેતપેદાશોની ગુણવત્તા, ઓળખ અને વિશ્વસનીયતાને પ્રોત્સાહન મળશે.